ક્રમાંક/માધ્ય/પરચ/૨૦૧૮/૧૭૦૬૨-૯૯૪
કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા. ૧/૦૮/૨૦૧૮

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય : ખેલ મહાકુંભ – ૨૦૧૮ રજીસ્ટ્રેશન અને પાર્ટીસીપેશન બાબત
સંદર્ભ : શિક્ષણ વિભાગનો તારીખ ૦૯/૦૮/૨૦૧૮ નો પત્ર

ઉપરોક્ત વિષય પરત્વે, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગનો તા. ૩૦/૦૭/૨૦૧૮ નો પત્ર શિક્ષણ વિભાગ દ્વારા અત્રેની કચેરીને મળેલ છે , જે અન્વયે જણાવવાનું કે રાજ્યમાં ખેલકુદના વાતાવરણનું નિર્માણ થાય , પ્રતિભાશાળી ખેલાડીઓની ખોજ થાય તેમજ સ્વાસ્થય જાગૃતિ અને રમતગમત ક્ષેત્રે પ્રતિભા શોધનના ઉમદા આશયથી સમગ્ર રાજ્યમાં ખેલમહાકુંભનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

ખેલ મહાકુંભની લોકચાહનાથી પ્રતિ વર્ષે ભાગ લેનાર રમતવીરોની સંખ્યામાં ઉતરોતર વધારો થયો છે. ખેલ મહાકુંભની સફળતાને ધ્યાને લઈ ભારત સરકારશ્રીએ ખેલો ઇન્ડીયા યોજના અમલમાં મુકી છે.

ખેલ મહાકુંભનું ઓનલાઇન રજીસ્ટ્રેશન તા. ૦૨/૦૮/૨૦૧૮ થી શરૂ થનાર છે. ખેલ મહાકુંભનો રાજ્યમાં બહોળો પ્રચાર-પ્રસાર થાય અને વધુમાં વધુ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, કોલેજ, યુનિવર્સીટીઓમાં મહત્તમ રજીસ્ટ્રેશન થાય અને વિદ્યાર્થીઓ ઉત્સાહ પૂર્વક ભાગ લે તે ઇચ્છનીય છે. આ માટે તમામ શિક્ષણાધિકારીશ્રીઓએ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, સબંધિત વાઇસ ચાન્સલેસરશ્રીઓ, પ્રિન્સીપાલશ્રીઓ વગેરેને આપની કક્ષાએથી જરૂરી માર્ગદર્શન/સુચના આપવા વિનંતી છે .

શાળાકક્ષા થી રાજ્યકક્ષા સુધીની સ્પર્ધાઓના આયોજનમાં વ્યાયામ શિક્ષકોની સેવાઓ આવશ્યક હોય છે અને તેઓની સક્રિય ભૂમિકા રહે છે. જેથી ખેલ મહાકુંભ દરમ્યાનની તેઓની કામગીરીને ફરજ ઉપર ગણવા તેમજ ખેલ મહાકુંભમાં કામગીરી સોંપવા સબંધિતોને સૂચના આપવા વિનંતી છે .

રાજ્યમાં રમતગમતની પ્રવૃતિઓને શાળા સ્તરેથી પ્રોત્સાહન આપવાથી જ BROAD BASING OF SPORTS AT GRASS ROOT LEVEL નો અભિગમ સાકાર થશે.

આમ ખેલ મહાકુંભમાં રાજ્યની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં રજીસ્ટ્રેશન કરાવે અને ભાગ લે તે માટે આપની કક્ષાએથી જરૂરી સુચના અને સહકાર આપવા આગ્રહ ભરી વિનંતી છે
નોંધ : Khel Mahakumbh મોબાઇલ એપ ડાઉનલોડ કરવા વિનંતી છે .

મદદનીશ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

બીડાણ : ઉપર મુજબ

ક્રમાંક /મા.વિ.૩/૫૨૦૩૫-૫૨૫૩૪
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૨૪ - ૮ -૨૦૧૮

૦૨/- નકલ રવાના જાણ તથા અમલ સારૂ

જીલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર.

પ્રતિ,
આચાર્ય શ્રી,